# પ્રયાણે વિસ્મય કુતઃ

ઉદ્દ્ઘાટિતે નવ દ્વારે પિંજરે વિહગોઅનિલ,
સ્થિતે આશ્ચર્ય, પ્રયાણે વિસ્મય કુતઃ ?

પિંજરાનું એક દ્વાર ખુલ્લું રહી ગયું હોય તોય તેમાંનું પંખી ઊડી જાય છે; તો જે પિંજરાને નવ નવ દ્વાર છે અને જેમાં પ્રાણરૂપી પક્ષી સ્થિર થઈને રહ્યું છે તે ખરા આશ્ચર્યની વાત છે ! તે તેમાંથી ઊડી જાય તેમાં આશ્ચર્ય કરવા જેવું શું છે ?

મનુષ્યશરીરરૂપી પિંજરાને બે આંખ, બે કાન, બે નસકોરાં, એક જીભ, એક મૂત્રમાર્ગ અને એક મળમાર્ગ મળીને નવ છિદ્રોરૂપી નવ દ્વારો છે (જો કે બ્રહ્મરંધ્ર એ દસમું દ્વાર છે પણ તે તો યોગીઓની વાત થઈ, અહીં તો સર્વસામાન્ય મનુષ્ય માટે નવ દ્વાર ગણી શકાય) અને તેમાં પ્રાણરૂપી અતિ ચંચળ પંખી ઘણાં વર્ષોથી સ્થિર થઈને રહ્યું છે, ઊડી નથી જતું તે મહાઆશ્ચર્યની વાત છે ! તેમાંથી તે નીકળી જાય અર્થાત્ મૃત્યુ થાય તેમાં વિસ્મય કરવા જેવું શું છે ? તે તો સ્વાભાવિક છે.

છતાંય સ્વાભાવિક વાત આપણને અસ્વાભાવિક લાગે છે, વિસ્મય ન કરવા જેવી વાતમાંય અતિ વિસ્મય થાય છે. કારણકે કોઈને મરવું નથી. મરણનો સૌને ડર છે. મરણભયને પતંજલિએ અભિનિવેશ ક્લેશ કહ્યો છે.

મૃત્યુભયથી સૌ ભયભીત છે. તેથી ભજનોમાં પણ આવી પ્રાર્થનાઓ છે કે 'અંત સમય તમે આવજો વહાલા, કરું હું તો કાલાવાલા.' ખરેખર મૃત્યુમાં એવું શું છે જે આટલા બધા ભયભીત કરી મૂકે છે ?

એક સંત ખૂબ બીમાર હતા. શરીર હવે લાંબું ટકશે નહીં એવી તેમને ખાતરી થઈ ગયેલી. તેમના સેવકો પ્રખ્યાત ડૉકટરને રોકીને ઉત્તમ પ્રકારની સારવાર કરવાની પેરવી કરવા લાગ્યા. ત્યારે સંતે તેમને સૌને સમજાવીને કહ્યું કે મારા રોગી અને વૃદ્ધ શરીરને બચાવવાનાં હવે શા માટે વલખાં મારો છો ? સાજો થઈશ તોય સાવ ખખડી ગયેલું શરીર જ પાછું મળવાનું ને ? જેટલું જલદી આ શરીર છૂટે તેટલું જલદી બીજું નવું નક્કોર શરીર મળવાનું છે. અત્યારે કાન, આંખ, હાથ, પગ, હૃદય વગેરે બધાં જ શિથિલ થઈ ગયાં છે. નવા શરીરમાં બધું જ પેટીપેક મળવાનું. એ વખતનું બચપણ પણ કેવું ? નિર્દોષ અને દેવદુર્લભ ! માટે હું તો હવે આ શરીર છૂટવાની પ્રતીક્ષામાં છું.

આવું સંત જેવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીએ તો મૃત્યુનો ભય લાગે ? બીજી રીતે જોતાં મૃત્યુનો ભય તેને લાગે જેણે જીવનભર ખોટાં કર્મો કર્યાં હોય. તેને એમ થાય કે મર્યા પછી અથવા મૃત્યુ વખતે મારું શું થશે ? મૃત્યુ વખતે મને કેવું દુઃખ પડશે ? પણ બૅંકમાં ખાસી મોટી રકમ જેની જમા થઈ હોય તેને પોતાના પોષણની ચિંતા થાય ? તેમ, જેણે પોતાનું જીવન પરોપકાર અર્થે જ ખર્ચ્યું હોય તેને તો જીવવામાંય આનંદ અને મરવામાંય આનંદ. ખરેખર તો તેના માટે મૃત્યુ મરી ગયું જ ગણાય.

સામાન્ય રીતે હૃદય બંધ પડી જાય તે સ્થિતિને મૃત્યુ કહે છે. આંખ-કાન, હાથ-પગ વગેરે શરીરનાં અંગો છે. કાન નિષ્ક્રિય થતાં કે આંખ, હાથ, પગ વગેરે નિષ્ક્રિય થતાં મૃત્યુ થતું નથી; તેમ હૃદય નિષ્ક્રિય થતાં મૃત્યુ ગણાવું જોઈએ નહીં. કેમકે હૃદય પણ શરીરનું એક અંગ જ છે. આત્મા અમર છે તેમ જીવન પણ અમર છે. મૃત્યુ વિષેની ખોટી-ઓછી સમજ જ આપણને ભયભીત કરીને ડરાવે છે. વર્તમાન શરીરમાં બંધ પડેલું હૃદય, બીજા નવા પ્રાપ્ત થનાર શરીરમાં પુનઃ સક્રિય થઈ જવાનું છે. જર્જરિત હૃદયને ગમે તેટલાં થીંગડાં લગાવીશું પણ તોય તે જર્જરિત જ રહેવાનું. જ્યારે નવા શરીરમાં તો હૃદયનો નવો ઢાળો જ ઢાળવાનો. લોઢાની ખંડિત મૂર્તિને ઓગાળીને ફરીને તેનો નવો ઢાળો પાડીને નવી નક્કોર મૂર્તિ બનાવે છે તેમ નવું શરીર તે નવો ઢાળો છે. જો આવી સમજણ પ્રાપ્ત થઈ જાય તો મૃત્યુથી આનંદ થાય કે શોક ? અત્યારે મૃત્યુ શબ્દ સાંભળતાં જે કરાળ-વિકરાળ યમદૂતની મૂર્તિ ચક્ષુ સમક્ષ ખડી થાય છે તે ઉપરની સમજણ પાકી થતાં નવા ઢાળાની નવી નક્કોર મૂર્તિ લાગે. આવું થવા લાગે ત્યારે મૃત્યુ મરી ગયું જ કહેવાયને ?

પરંતુ એમ વિચારીએ કે મૃત્યુ પછી મોક્ષ મળી જાય તો તો શરીર જ ન મળે અને તો પછી નવુંનક્કોર શરીર પ્રાપ્ત થવાની વાત ક્યાં રહી ? અરે ભાઈ ! તો તો પછી ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી. દુઃખના કારણે જ મૃત્યુથી ડરીએ છીએ ને ? મોક્ષમાં તો શરીર જ નહીં. શરીર નહીં પછી મૃત્યુ ક્યાં રહ્યું ? અને મૃત્યુ નહીં તો પછી દુઃખ ક્યાં રહ્યું ? મોક્ષ એ તો દુઃખમુક્તિની ઊંચામાં ઊંચી સ્થિતિ છે. મોક્ષમાં તો કેવળ આનંદ જ આનંદ ! અખંડ આનંદ ! આપણને એવી શંકા થાય તે સ્વાભાવિક છે કે જો શરીર જ ન હોય તો આનંદ કોણ કરે ? તો તેનું સમાધાન સ્વપ્ન છે. સ્વપ્નમાં શરીર નથી હોતું છતાંય બધાય અનુભવો કરીએ છીએ. સ્વપ્નમાં સુખ-દુઃખ, હર્ષ-શોકનો પણ અનુભવ થાય છે. જ્યારે મોક્ષમાં કેવળ આનંદ જ અનુભવાય છે - આનંદસ્વરૂપ જ થઈ જવાય છે.

શરીર છૂટતી વખતે સૌ વત્તુંઓછું દુઃખ અનુભવે છે. પણ જો ત્યારે, પછી મળનારા સુખની ખાતરી હોય તો મૃત્યુનું દુઃખ, દુઃખ ન લાગે. માતાને પ્રસૂતિનું પારાવાર દુઃખ હોય છે પણ સંતાનપ્રાપ્તિના સુખ પાસે તે દુઃખ ફીકું થઈ જાય છે. જો આમ ન હોય તો જગતનું સર્જન અટકી જાય.

મનુષ્યને જીવનમાં મોટામાં મોટો ભય મૃત્યુનો છે. એ ભય ગમે તેટલું દ્રવ્ય ખર્ચવાથી નથી ટળતો, પણ તેના માટે થોડી સાચી સમજની જરૂરત છે. નવ નવ દ્વારવાળા પિંજરામાં પ્રાણપંખી રહ્યું છે તે આશ્ચર્ય છે, તે ઊડી જાય તેમાં વિસ્મય કે ભય શા માટે ? જો મનુષ્ય આવી સાચી સમજના સથવારે રહે તો પછી તેને ભય કે શોક ન રહે. આવી સૂક્ષ્મ સમજ અન્યોને આપવી તે અતિ ઉત્તમ દાન છે અને આવું દાન મોક્ષપ્રદાનમાં સહાયક નીવડે છે.

જો મોક્ષ ન થાય તો બીજો જન્મ નક્કી છે. આપણને મૃત્યુનો ભય લાગે છે તે જ બીજા જન્મની સાબિતી છે. અજાણ્યા ભયનો ભય નથી લાગતો. બાળક અગ્નિથી દાઝ્યા પછી જ અગ્નિથી ડરે છે. આપણે વર્તમાન જીવનમાં મર્યા નથી તોય આપણને મૃત્યુનો ભય લાગે છે તે તેની સાબિતી છે કે આપણે ક્યારેક જરૂર મર્યા હોઈશું. મૃત્યુ શરીરનું હોઈ શકે. જો ક્યારેક મર્યા હોઈશું તો તે વખતે શરીર જરૂર હશે. જો શરીર હશે તો જન્મ જરૂર થયો હશે. જો પહેલાં જન્મ થયો હતો તો હવે પછી પણ જન્મ જરૂર થાય. મર્યા પછી જો જરૂર પાછા આવવાના છીએ તેની ખાતરી થઈ જાય તો પણ મૃત્યુનો ડર ન રહે.

કુદરત પણ કેવી કરુણાલુ છે ! ભયંકર બહિર્મુખ થઈ ગયેલા માનવીને અંતર્મુખ કરવા તેની ઈન્દ્રિયોને શિથિલ કરી નાખે છે. વૃદ્ધાવસ્થામાં આંખ, કાન, પગ વગેરે એવાં નિર્બળ થઈ જાય છે કે ઘરમાં જ રહેવું પડે. પણ તોય મનુષ્ય જંપતો નથી અને વૃત્તિઓ દ્વારા ભાગંભાગી કરવા લાગે છે. કારણકે તે એ સમજી શક્યો નથી હોતો કે ઈન્દ્રિયોની શિથિલતા તે તો અંતર્મુખ થવા માટેનું કુદરતનું વરદાન છે. તેથી તે ખાટલામાં પડ્યો પડ્યો હાયબળતરા કરતો કરતો કુદરતને કોસ્યા કરે છે, ગાળો દે છે પણ તેથી કાંઈ ઈન્દ્રિયો સબળ નથી બની જતી પરંતુ જીવનપાથેય ભેગું કરવાનો અમૂલો સમય વેડફાઈ જાય છે.

એક સંન્યાસી મહારાજ કહેતા કે પહેલાં તો ધ્યાન વખતે હું કર્ણમુદ્રાનો ઉપયોગ કરતો જેથી બહારના અવાજો વિક્ષેપ ન કરે, પણ હવે તો એવો બહેરો થઈ ગયો છું કે ધ્યાન વખતે કર્ણમુદ્રાની જરૂરત જ નથી પડતી. ભગવાને મારા ઉપર ખૂબ દયા કરી.

સંન્યાસી મહારાજની જેમ આવી બધી બાબતોમાં જો કુદરતની કરુણા કલ્પવાની કુશાગ્રતા કેળવાઈ જાય તો તેને માટે મૃત્યુનો ભય ક્યાં ?